મેન્ટેનન્સ માત્ર કામચલાઉ છે અને મૂળ ટેક્નિકલ ખામી દૂર કરવામાં તંત્ર નિષ્ફળ

## Catch The Problem

# The Rain પ્રોજેક્ટનો ફુવારો ગૌરવ નહીં બેદરકારીનું પ્રતિક

**છેલ્લા** 16 દિવસમાં અનેક વખત મેન્ટેનન્સ કરવા છતાં ફુવારો વારંવાર બંધ પડી જતાં ગંભીર પ્રશ્નો ઊભા થયા

**વારંવાર** ખર્ચા છતાં પરિણામ ન મળતા પ્રોજેક્ટ માત્ર દેખાવ અને પ્રચાર માટે જ ઉભો કરાયો

નવસારીઃ નવસારીના ગ્રીડ ચાર રસ્તા પાસે Catch The Rain અભિયાન હેઠળ બનાવવામાં આવેલો ફુવારો હવે શહેર માટે ગૌરવ નહીં પરંતુ બેદરકારી અને નબળી કામગીરીનું જીવંત પ્રતિક બની ગયો છે. માત્ર છેલ્લા 16 દિવસમાં અનેક વખત મેન્ટેનન્સ કરવા છતાં ફુવારો વારંવાર બંધ પડી જતાં સમગ્ર પ્રોજેક્ટની વિશ્વસનીયતા પર ગંભીર પ્રશ્નો ઊભા થયા છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ, ફુવારો શરૂ કરવામાં આવે છે પરંતુ થોડા સમય પછી ફરી બંધ થઈ જાય છે. આ સ્થિતિ દર્શાવે છે કે મેન્ટેનન્સ માત્ર કામચલાઉ છે અને મૂળ ટેક્નિકલ ખામી દૂર કરવામાં તંત્ર નિષ્ફળ રહ્યું છે. શહેરના મુખ્ય ચાર રસ્તા પર આવેલી આ વ્યવસ્થા જો સતત કાર્યરત રહી શકતી ન હોય, તો આવી યોજનાઓના હેતુ અને અમલીકરણ બંને પર સવાલો ઊભા થાય છે.

નાગરિકોમાં હવે આ મુદ્દે ભારે અસંતોષ ફેલાયો છે. લોકો ખુલ્લેઆમ કટાક્ષ કરી રહ્યા છે કે "Catch The Rain" હવે "Catch The Problem" બની ગયું છે. વારંવાર ખર્ચા છતાં પરિણામ ન મળતા લોકોમાં એવો ભાવ ઉભો થયો છે કે આ પ્રોજેક્ટ માત્ર દેખાવ અને પ્રચાર માટે જ ઉભો કરવામાં આવ્યો છે.



આ ફુવારો શહેરના મહત્વના સ્થળે હોવાને કારણે તેની બગડેલી હાલત સીધી રીતે તંત્રની કાર્યક્ષમતા પર પ્રશ્નચિહ્ન મૂકે છે. અનેક રજૂઆતો છતાં જો સ્થિતિ યથાવત રહે, તો એ સ્પષ્ટ કરે છે કે જવાબદારી નક્કી કરવામાં અને સમસ્યાનો કાયમી ઉકેલ લાવવામાં ગંભીર ખામી છે.

### પ્રોજેક્ટ જનતાના પૈસાનો બિનઉપયોગ સાબિત થઇ શકે

વિશેષજ્ઞોના મત મુજબ, આવી સમસ્યાઓ માત્ર સપાટી પરના રિપેરથી ઉકેલાતી નથી, પરંતુ સંપૂર્ણ ટેક્નિકલ ઓડિટ અને યોગ્ય સંભાળ જરૂરી છે. જો સમયસર અસરકારક પગલાં લેવામાં નહીં આવે, તો આ પ્રોજેક્ટ જનતાના પૈસાનો બિનઉપયોગ સાબિત થઈ શકે છે. હવે નાગરિકો તંત્ર પાસેથી માત્ર વચનો નહીં, પરંતુ સ્પષ્ટ જવાબદારી અને કડક કાર્યવાહી માંગે છે. જો આ સ્થિતિમાં સુધારો નહીં આવે, તો "Catch The Rain" જેવી મહત્વપૂર્ણ યોજના શહેર માટે લાભદાયી બનવાને બદલે ઉપહાસનું કારણ બની રહેશે.

## દક્ષિણ ગુજરાતમાં ઈદ-ઉલ-ફિત્રની ઉજવણી






નવસારી, વલસાડ, ખેરગામ, પારડી, બીલીમોરા, ધરમપુર, દમણ, વાંસદા : દક્ષિણ ગુજરાતમાં મુસ્લિમ બિરાદરો દ્વારા ઈદનો પવિત્ર તહેવાર ભારે ઉત્સાહ, આનંદ અને ધાર્મિક ભાવનાથી ઉજવવામાં આવ્યો હતો. વહેલી સવારથી જ મસ્જિદોમાં ખાસ નમાજ અદા કરવામાં આવી હતી, જેમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. નમાજ બાદ સૌએ એકબીજાને ગળે મળી 'ઈદ મુબારક' પાઠવી શુભેચ્છાઓ આપતાં ભાઈચારો અને એકતાનો સુંદર સંદેશ પ્રસરાવ્યો હતો. મુસ્લિમ ઉલેમાઓએ દેશના વિકાસ માટે, ભાઈચારા માટે, દુનિયામાં ભારત દેશ સૌથી આગળ રહે, દેશમાં શાંતિ અને સૌહાર્દનું વાતાવરણ રહે તેવી દુવા કરી હતી. આ પ્રસંગે સમાજમાં ભાઈચારા એકતાનો સંદેશો આપ્યો હતો. વિવિધ વિસ્તારોમાં પરંપરાગત મીઠાઈઓ અને સ્વાદિષ્ટ વાનગીઓ તૈયાર કરવામાં આવી હતી. લોકો પોતાના સગા-સ્નેહીઓ અને મિત્રો સાથે મળીને તહેવારની ખુશીઓ વહેંચતા જોવા મળ્યા હતા. ઈદના પવિત્ર પ્રસંગે સમગ્ર જિલ્લામાં શાંતિપૂર્ણ, આનંદમય અને સૌહાર્દપૂર્ણ માહોલ સર્જાયો હતો, જે સમાજમાં એકતા અને પ્રેમનું પ્રતિબિંબ બની રહ્યો હતો.

# આહવા તાલુકાના ધૂળચોંડ ગામમાં તસ્કરોએ ખેડૂતોને નિશાન બનાવ્યા

**નદી** કિનારાથી ખેતર સુધી સિંચાઈ માટે નાખવામાં આવેલા ઇલેક્ટ્રિક વાયરોની ચોરી થતા ખેડૂતોમાં ચિંતા



ગિરીશ ભોયે

સાપુતારા : ડાંગ જિલ્લાનાં આહવા તાલુકામાં આવેલા ધૂળચોંડ ગામમાં તસ્કરોએ ખેડૂતોને નિશાન બનાવ્યા હોવાની ઘટના સામે આવી છે. નદી કિનારેથી ખેતર સુધી સિંચાઈ માટે નાખવામાં આવેલા ઇલેક્ટ્રિક વાયરોની રાત્રિ દરમિયાન ચોરી થતા ખેડૂતોમાં ભારે રોષ અને ચિંતા જોવા મળી રહી છે. ધૂળચોંડ ગામના ખેડૂત સીતારામભાઈ મંગળભાઈ ગાવિતે આહવા પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ અનુસાર, તારીખ 20 માર્ચ 2026ની રાત્રિ દરમિયાન કોઈ અજાણ્યા તસ્કરોએ ખેતરમાં પાણી ખેંચવા માટે લગાવેલા મોટર કનેક્શનના વાયરોની ચોરી કરી છે. આ ચોરી માત્ર એક ખેતરમાં નહીં, પરંતુ ગામના અન્ય ખેડૂતો સીતારામભાઈ મંગળભાઈ ગાવિત, સીતારામભાઈ લાશુભાઈ ગાવિત, જાનુભાઈ દેબીયાભાઈ ગવળીનાં ખેતરમાંથી ચોરી થયેલી છે. અત્યારે કાળઝાળ ઉનાળાની શરૂઆત થઈ ચૂકી છે ત્યારે ખેતીના પાકને પાણીની સખત જરૂરિયાત હોય છે. વાયર ચોરાઈ જવાને કારણે મોટર ચલાવી શકાતી નથી, જેના લીધે ખેડૂતોનો તૈયાર પાક સુકાઈ જવાની અને મોટું આર્થિક નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે. ત્યારે આ ખેડૂતોએ આહવા પોલીસ સ્ટેશનમાં અરજી આપીને માંગ કરી છે કે, ધૂળચોંડ ગામની સીમમાં સઘન તપાસ કરવામાં આવે, ચોરી કરનાર શખ્સોને વહેલી તકે ઝડપી પાડવામાં આવે, ચોરાયેલો મુદ્દામાલ પરત અપાવી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે. હવે જોવાનું એ રહે છે કે પોલીસ આ દિશામાં કેટલી ઝડપથી તપાસ હાથ ધરી તસ્કરોને જેલના સળિયા પાછળ ધકેલે છે.

# નાણામંત્રીએ વાપીમાં બે દિવસીય મિલેટ મહોત્સવ ખૂલ્લો મૂક્યો

**મિલેટ્સ** પકવતા, પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોના વિવિધ સ્ટોલ્સ : મુલાકાતીઓ માટે વેચાણ અને પ્રદર્શન



વાપી : રાજ્યના કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ દ્વારા તા.૨૧ અને ૨૨ માર્ચ દરમિયાન વાપીમાં આયોજિત વલસાડ જિલ્લાકક્ષાના 'મિલેટ્સ મહોત્સવ-પ્રાકૃતિક ફાર્મર માર્કેટ-૨૦૨૬'ને નાણાં મંત્રી કનુભાઈ દેસાઈના હસ્તે ખૂલ્લો મૂકાયો હતો. મંત્રીના હસ્તે આંગણવાડીના બાળકોને મિલેટ્સ ટોપલી અને ખેડૂતોને સહાય ચેક અર્પણ કરવામાં આવ્યા હતાં.

આ પ્રસંગે મંત્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના આદિવાસી વિસ્તારોમાં ભ્રમણ કરી તેમના અનુભવો દ્વારા અદિવાસી જીવનને ઉત્કૃષ્ટ બનાવવા પ્રયત્નો કર્યા છે. પહેલા નાગલી કે જુવાર માત્ર ગરીબોનું ભોજન ગણાતું હતું પરંતુ હવે મિલેટ્સના ફાયદાઓના પ્રચાર દ્વારા શહેરી નાગરિકો પણ નાગલી - જુવાર અને અન્ય મિલેટ્સ ભોજનમાં આરોગી રહ્યા છે. મુખ્યમંત્રી પણ મિલેટ્સના પ્રચાર દ્વારા સમગ્ર ગુજરાતમાં જાડા ધાન્યના ઉપયોગ માટે પ્રોત્સાહન આપી રહ્યા છે. ધરમપુર ધારાસભ્ય અરવિંદભાઈ પટેલ અને કપરાડા ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીએ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતાં. કાર્યક્રમમાં કલેક્ટર ભવ્ય વર્મા, જિલ્લા વિકાસ અધિકારી અતિરાગ ચપલોત, જિલ્લા સંગઠન પ્રમુખ હેમંત કંસારા, વીઆઈએ પ્રમુખ સતિષ પટેલ, પ્રદેશ સંગઠન મહામંત્રી સોનલ સોલંકી, તાલુકા અને શહેર સંગઠનના પ્રમુખ પુનિત પટેલ, સમય પટેલ અને મનીષ દેસાઈ, જિલ્લા ખેતીવાડી અધિકારી અરૂણ ગરાસિયા, સંબંધિત વિભાગ અધિકારી - કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

## સંક્ષિપ્ત સમાચાર

### વલસાડમાં 9 વર્ષની બાળકીના 30 દિવસના રોજા



વલસાડ : વલસાડ શહેરના ગ્રીન પાર્ક-૧ વિસ્તારમાં રહેતી ઐમન હમઝા સૈયદ (ઉંમર ૯ વર્ષ), જે શેઠ આર.જે.જે. ઈંગ્લિશ મિડિયમ હાઈસ્કૂલ ધોરણ-3 માં અભ્યાસ કરે છે, તેણે પવિત્ર રમઝાન માસ દરમિયાન અદ્દભુત શ્રદ્ધા અને સમર્પણનું ઉદાહરણ પૂરું પાડ્યું છે. ઐમને રમઝાનના સમગ્ર 30 દિવસના રોજા સફળતાપૂર્વક રાખી અલ્લાહની ઇબાદત કરી છે, જે તેની નાની ઉંમરે પણ મજબૂત ઈમાન અને સંસ્કારનું પ્રતિબિંબ છે. આ સિદ્ધિ માત્ર તેના પરિવાર માટે જ નહીં પરંતુ સમગ્ર સમાજ માટે ગૌરવની બાબત છે. તેણીનું આ કાર્ય અન્ય બાળકો માટે પ્રેરણારૂપ છે, જેનાથી તેઓમાં પણ ધર્મ પ્રત્યેની ભાવના અને શિસ્ત વિકસે છે.

### ચીખલીમાં 9 વર્ષના બાળકના 30 દિવસના રોજા



ઘેજ : ચીખલીના ડભાડ મહોલ્લાના નિશા કોમ્પલેક્ષમાં રહેતા નવ વર્ષના મુસ્લિમ બાળક મોઇનુદ્દીન શાહનવાઝ શેખે પવિત્ર રમઝાન માસ દરમિયાન અજોડ શ્રદ્ધા દર્શાવી આકરા ઉનાળાની ગરમી અને ધોમધખતા તાપ વચ્ચે અલ્લાહની ઈબાદત માટે પુરા 30 રોજા રાખીને રબની ખુશનુદી પ્રાપ્ત કરી છે. બાળકની આ ભક્તિ અને હિંમતને બિરદાવવા માટે પરિવારજનો દ્વારા તેને હાર પહેરાવી વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. રમઝાન માસના પ્રારંભથી જ મક્કમ નિર્ધાર સાથે રોજા પૂર્ણ કરનાર મોઇનુદ્દીન આસપાસના વિસ્તારમાં પ્રશંસાપાત્ર બન્યો હતો.

### નવસારીમાં રાજસ્થાની સમાજના ગણગૌરની હર્ષોલ્લાસ સાથે ઉજવણી



નવસારી : રાજસ્થાની સમાજમાં ઉજવાતો ગણગૌર તહેવાર મહિલાઓ માટે વિશેષ ભાવનાત્મક અને ધાર્મિક મહત્વ ધરાવે છે. ખાસ કરીને લગ્ન પછી પહેલી હોળી માટે પિયર આવેલી નવવિવાહિતાઓ આ તહેવારમાં ઉત્સાહભેર જોડાઈ રહી છે, જ્યારે કુંવારી યુવતીઓ પણ મનગમતા જીવનસાથી માટે શ્રદ્ધાપૂર્વક વિધિઓ કરી રહી છે. પરંપરા મુજબ મહિલાઓ પોતાના પરિવાર સાથે મળીને માટીમાંથી ભગવાન શિવ અને માતા ગૌરની મૂર્તિઓ તૈયાર કરે છે અને નિયમિત રીતે પૂજા-અર્ચના કરે છે. આ તહેવારમાં ઉપવાસ, આરાધના અને અનેક ધાર્મિક ક્રિયાઓનું વિશેષ સ્થાન છે. ગણગૌરની ઉજવણીમાં મહિલાઓ રંગીન રાજસ્થાની પહેરવેશમાં સજ્જ થઈ લોકગીતો ગાય છે, જેમાં સંસ્કૃતિ અને લાગણીનો સરસ સમન્વય જોવા મળે છે. હાસ્ય-રમૂજ અને આનંદના માહોલ સાથે તહેવાર સમગ્ર સમાજમાં જીવંતતા પેદા કરે છે. આ તહેવાર માત્ર ધાર્મિક વિધિ સુધી સીમિત ન રહી, પરંતુ પરિવારિક બંધનો મજબૂત બનાવતો અને પરંપરાને જીવંત રાખતો એક અનમોલ અવસર બની રહે છે.

# ખેરગામમાં ૧૭ વર્ષથી પડતર દુકાનોનો સફાયો

**હવે** દશેરા ટેકરી પર આધુનિક બસ સ્ટેન્ડ બનવાનો માર્ગ મોકળો

ખેરગામ : ખેરગામમાં છેલ્લા દોઢ દાયકાથી અટવાયેલા બસ સ્ટેન્ડના પ્રશ્નનો આખરે ઉકેલ આવતો જણાય છે. વાંસદા પ્રાંત અધિકારી માહલાની દુરંદેશી અને સક્રિયતાને કારણે દશેરા ટેકરી પાસે મિશન રોડ પર આવેલી ૧૨ જેટલી જર્જરિત દુકાનો અને વર્ષો જૂના દબાણો દૂર કરવામાં આવ્યા છે.

આશરે ૧૭ વર્ષ પહેલાં ગ્રામ પંચાયત દ્વારા લાખોના ખર્ચે આ દુકાનો બનાવવામાં આવી હતી, પરંતુ લાભાર્થીઓને ફાળવણી ન થતા તે બિનઉપયોગી રહી હતી. જાળવણીના અભાવે આ દુકાનો જર્જરિત થઈ ગઈ હતી. પંચાયતે બસ સ્ટેન્ડ માટે આ જગ્યા ફાળવવાનો ઠરાવ કરી દેતા, તાજેતરમાં આ તમામ દુકાનો અને આસપાસના ઝૂંપડાઓ હટાવી વિશાળ જગ્યા ખુલ્લી કરવામાં આવી છે.



ખેરગામમાં ૧૨ વર્ષ પહેલાં રોડ નવીનીકરણ વખતે જૂનું બસ સ્ટેન્ડ તોડી પાડવામાં આવ્યું હતું, ત્યારથી આજદિન સુધી નવું બસ સ્ટેન્ડ બન્યું નથી. હાલમાં વલસાડ, ચીખલી, ધરમપુર અને આહવા ડેપોની બસો દશેરા ટેકરી પર ઊભી રહે છે. કેબિનેટ મંત્રી નરેશભાઈ પટેલે ગત વર્ષે જનતા શાળા પાસે બસ સ્ટેન્ડ માટે ૫ લાખની ગ્રાન્ટ ફાળવી હતી, જેનું કામ હજુ બાકી છે.

ચોમાસા અને ઉનાળામાં વિદ્યાર્થીઓ તેમજ મુસાફરોએ શેડ વિના ભારે હાલાકી ભોગવવી પડે છે.

### વિકાસને મળશે વેગ

ડેપ્યુટી સરપંચ જીગ્નેશ પટેલે જણાવ્યું હતું કે, જગ્યા ખુલ્લી થતા હવે એસટી નિગમ દ્વારા બસ સ્ટેન્ડ બનાવવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. માર્કેટ યાર્ડ પાસે પણ બસ સ્ટેન્ડ બને તેવી લોકમાંગ ઉઠી છે. આ સુવિધા ઉપલબ્ધ થતા ખેરગામના વિકાસને નવી ગતિ મળશે.


ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

વ્યવસાયીક ધંધાકીય

**વુલન સ્વેટરો,** રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, શાલ, બ્લેન્કેટ હોલસેલ ભાવે, ખોલવડવાલા, ડબગરવાડ, સુરત.

**ફીઝીકલ શેર સર્ટીફીકેટ** વારસદારનાં નામે ટ્રાન્સફર તથા ખોવાયેલ ડુપ્લીકેટ મેળવવા ડીમેટ કરાવવા 9327312210

**ઘરબેઠા તાત્કાલિક** LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184.

**નવકાર વોટર પ્રુફિંગ** 25માં વર્ષમાં મંગળ પ્રવેશ જૂના અને જાણીતા લીકેજ ધાબા,ટાવર એપાર્ટમેન્ટ બહારની દીવાલનું ક્રેક ફીલિંગ વગેરે કેમિકલ ટ્રીટમેન્ટ દ્વારા બંધ કરીશું ધીરુભાઈ શાહ M- 7984650600/ 9898993303 (905)

**CM PEST CONTROL** લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017 (906)

**કબુતર, મચ્છર જાળી** ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

**PRESIDENT PEST CONTROL** 35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250 (907)

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

**હિમાલયા હોલીડેઝ** (1) અમરનાથ યાત્રા 1 જુલાઈ Rs: 9999/= (2) અમરનાથ સાથે કાશ્મીર, ગુલમર્ગ, સોનમર્ગ Rs: 20999/= Mo 9825142005/ 9427803273 (902)

**ડાકોર, પાવાગઢ** ઉજ્જૈન, ઓમકારેશ્વર, વીરપુર સારંગપુર, જલેબી હનુમાન. મહાદેવ ટુર એન્ડ ટ્રાવેલ્સ. 7802062340, 8238872861 (903)

**પ્રોપટી વેચવાની છે** બેંકને ૯ વર્ષના ભાડા કરારથી આપેલ અને કોર્પોરેટ કંપનીને ૯ વર્ષના ભાડા કરારથી આપેલ જતીન શાહ 9227905111

**સ્વપ્ન ટ્રાવેલ્સ** ૫૨ વર્ષમાં પ્રવેશ રેલ્વે 2x2 દ્વારા (1) ચારધામ યાત્રા, બદ્રીનાથ, કેદારનાથ, યમનોત્રી, ગંગોત્રી, હરિદ્વાર, તારીખ- 21/4, 3/5, અને 26/05, દિવસ-15. (2) અધિક માસમાં હરિદ્વાર, તારીખ- 22/5, દિવસ- 7. (રેલ્વે બુકીંગ 60 દિવસ પહેલા થાય છે) દરેક પ્રવાસો સંપૂર્ણ સગવડતા સહિત, મળો- દિપકભાઈ બોડીવાલા, યોગી કોમ્પ્લેક્ષ, મહેન્દ્ર કેરીવાલાની બાજુમાં, ન્યુ રાંદેરરોડ, સુરત.: 9825144143, 9898700934, 9712882315

**FOR Sell** 70,000/- ના માસિક ભાડામાં કોર્પોરેટ કંપનીને ૯ થી ૧૨ વર્ષની લોંગ લીઝ પર આપેલ ઓફિસ પાર્લે પોઈન્ટ મેઈન રોડ પર Dhaval Cyclewala 98980 24032

**જૂના જાણીતા** રાજુ મોદી કાશ્મીર, વૈષ્ણોદેવી, સોનમર્ગ, ગુલમર્ગ, દૂધપતરી, અમૃતસર, ઉજ્જૈન ઉપડશે 30 માર્ચ, (ફક્ત 8 સીટ બાકી) સુરતથી સુરત- 19,500/-, દિવસ 13, સ્ટાર હોટલ, બ્રેકફાસ્ટ, ડિનર 9374512979 (904)

નોકરી વિષયક

**ડિલિવરી બોય જોઈએ** છે સરોલી, પર્વતપાટિયા, ગોડાદરા, પુનાગામ નંબર 9725956799

**જહાંગીરપુરા મેઈન રોડ ટચ** 500 વારની જમીન વેચવાની છે દરેક ધંધા, શો રૂમ તથા કપડાંના શો રૂમ, ટયુશન કલાસીસ, હોસ્પિટલ લાયક જગ્યા 9824729100

**હોઝિયરીમાં પરચૂરણ** કામ માટે માણસ જોઈએ છે. ઉંમર 30 વર્ષ સુધી ભાગળ. 9825776132

**ઓફિસ આસિસ્ટન્ટ** છોકરાઓ બહારના કામ માટે 3 Posts, ઉંમર 18-25 વર્ષ, ગ્રેજ્યુએટ ટુવ્હીલર જરૂરી, સેલેરી- 15000+ પેટ્રોલ+ એલાઉન્સિસ. Fresher પણ ચાલશે. બાયોડેટા મોકલો અથવા મળો આઈડિયાઝ અનલિમિટેડ. અડાજણ સુરત Mo: 9426807778

**માસમાં મેગા સિટીમાં કોર્નરના ખુલ્લા પ્લોટો વેચવાના છે.** 125વાર 17લાખ | 110વાર 15લાખ | 80વાર 11લાખ 9377555922 દલાલભાઈઓ આવકાર્ય

**મહિધરપુરામાં** ટેમ્પો ચલાવવા માટે ડ્રાઈવર જોઈએ છે, પગારઃ 20,000/- 9377173151

**જોઈએ છે** સ્કુલ માટે ભરૂચ કસક માં લેડિઝ સીક્યુરીટી ગાર્ડ. 9374542478

**જોઈએ છે** અંકલેશ્વર સ્કુલ માટે મેલ સીક્યુરીટી ગાર્ડ ઉંચાઈ 5 ફુટ 10 ઈંચ અને શારી રીતે શસક્ત સંપર્ક 9374542478

**ફ્લેટો વેચવાના છે** અસલ ઉત્સવપ્રિય સુરતીઓ માટે ખાસ જુની સીવીલ કોર્ટ, બહુમાળી બિલ્ડીંગ પાસેના સૌથી સલામત ખારવા મહોલ્લા, નાનપુરા, સુરત-૧ ખાતે નવા બંધાયેલા 'માસ્તર્સ ડ્રીમસ્કેપ' એપાર્ટમેન્ટમાં વેસુ, અડાજણ, પાલ જેવા સરસ ફ્લેટો મો.૯૮૨૪૧૧૨૮૬૮

મિલ્કત વેચવાની છે

**વેચવાનું છે** રો. હા. ૧૪૪ વાર મહાલક્ષ્મી મંદીર પાસે અડાજણ ૮૪૮૮૯૮૩૪૨૪ અનીલભાઈ (900)

**મોરા (હજીરામાં)** લેબર- સુપરવાઈઝરને રહેવાલાયક રૂમવાળું મકાન વેચાણથી આપવાનું છે. 9152556396

**નવસારીમાં 2 BHK** ફ્લેટ વેચવાનો છે એરૂ ચાર રસ્તા પાસે, એગ્રીકલ્ચર કોલેજની સામે Contact: 9427633341

**વેચવાનું છે** પાર્લેપોઈન્ટ 3 BHK Full Furnished Flat વેચવાનો છે M- 9737711103

મિલ્કત લે-વેચ

**હોજીવાલા ઈન્ડસ્ટ્રીમાં** 756/ 1484/ 3612/ 7308 વિગેરેના પ્લોટ ખરીદ/ વેચાણ તથા ભાડે આપવા/ લેવા માટે સંપર્ક કરો. 8866478300, 9825141500 (118)

મિલ્કત ભાડેથી

**નાની ઓફિસ ભાડેથી** આપવાની ઓનલાઈન/ કોસ્મેટિક સપ્લાય/ મોડલિંગ અન્ય ટ્રેડ હાઉસ, રિંગરોડ 9228207838

મિલ્કત જોઇએ છે

**જોઈએ છે** સુરતની આજુબાજુના ગામમાં રહેવા લાયક જુનું મકાન. કો. ૦૨૬૧ ૨૪૩૮૦૪૧ (901)

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.